### સામાન્ય નાગરિકોને દંડ અને સજા કરતી સરકાર ઉદ્યોગો સામે નતમસ્તક

# રાજ્યનો 67હજાર કરોડ વેરો વસૂલવાનો બાકી

**કંપનીઓ** બંધ, નાદારી અને વિવાદ, ટેક્સ વસૂલાતમાં મોટી અડચણ

ગાંધીનગર : ગુજરાતમાં ઉદ્યોગો અને વેપારીઓ પાસેથી વસૂલવાના વિવિધ વેરાનો આંકડો ચોંકાવનારો બની ગયો છે. નાણા વિભાગના સત્તાવાર આંકડા મુજબ રાજ્ય સરકારને કુલ 67,407.97 કરોડ વસૂલવાના બાકી છે. તેમાંથી 32,688.07 કરોડની રકમ વિવાદ હેઠળ હોવાથી બાકી રહી છે, પરંતુ બાકી રહેલા 34,720.90 કરોડ માટે પણ હજી સુધી અસરકારક અને કઠોર કાર્યવાહી થઈ શકી નથી.ચોંકાવનારી વાત એ છે કે કુલ બાકી રકમમાંથી અંદાજે 27 હજાર કરોડ એવી છે જે દસ વર્ષથી વધુ સમયથી વસૂલાતની રાહ જોઈ રહી છે. સરકાર દ્વારા સમયાંતરે સૂચનાઓ આપવામાં આવતી હોવા છતાં ટેક્સ વિભાગને નોંધપાત્ર સફળતા મળતી નથી અને દર વર્ષે બાકી રકમમાં વધારો થતો જાય છે.

બજેટ ડોકયુમેન્ટમાં જણાવ્યા મુજબ , વેરાવાર આંકડાઓ પર નજર કરીએ તો કેન્દ્રીય વેચાણવેરાની બાકી રકમ 9,760.76 કરોડ સુધી પહોંચી ગઈ છે. ગુજરાત વેચાણવેરો અને વેટ હેઠળ 6,125.52 કરોડ વસૂલવાના બાકી છે. સૌથી વધુ બાકી રકમ ‘અન્ય કર’ શ્રેણીમાં 50,031.62 કરોડની છે.

સ્ટેમ્પ અને નોંધણી ફી હેઠળ 462.82 કરોડ, રાજ્ય આબકારીમાં 136.58 કરોડ અને વાહન કર પેટે 749.47 કરોડ બાકી છે. વિદ્યુત શુલ્કની બાકી રકમ પણ 136.58 કરોડ નોંધાઈ છે. હકારાત્મક રીતે વ્યવસાય વેરો અને જમીન મહેસૂલમાં હાલ કોઈ બાકી વસૂલાત નથી.

નાણાં વિભાગના ડોકયુમેન્ટ મુજબ , પાંચ વર્ષથી વધુ સમયથી બાકી વસૂલાતનો આંકડો 16 હજાર કરોડથી પણ વધુ છે. ઘણા ઉદ્યોગગૃહો અને વેપારીઓ વેરા ચુકવણી ટાળવા માટે કેસોને વિવાદમાં લઈ જાય છે, જેના કારણે વર્ષો સુધી વસૂલાત અટવાયેલી રહે છે. કેટલીક કંપનીઓ સરકારના પ્રોત્સાહન અને લાભો મેળવી પછી બંધ થઈ ગઈ છે, જ્યારે કેટલીકએ નાદારી જાહેર કરી હોવાથી વસૂલાત શક્ય નથી.

માર્ચ 2025ના અંતે ઉભું થયેલું પરંતુ હજી સુધી ન વસૂલાયેલું વેરાપાત્ર મહેસૂલ રાજ્યના બજેટ દસ્તાવેજોમાં દર્શાવવામાં આવ્યું છે. ભૂતકાળમાં ભારતના કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ (કેગ) ના અહેવાલોમાં પણ બાકી વસૂલાતના મુદ્દે સરકારની ટીકા કરવામાં આવી હતી. ગયા વર્ષે રજૂ થયેલા અહેવાલમાં બાકી વસૂલાતનો આંકડો 72 હજાર કરોડ દર્શાવી સરકારને વસૂલાત પ્રક્રિયા ઝડપી બનાવવા ભલામણ કરવામાં આવી હતી. આર્થિક બાબતોના વિશ્લેષકો માને છે કે જો બાકી વસૂલાત પ્રક્રિયા અસરકારક રીતે હાથ ધરવામાં આવે તો રાજ્યની આવકમાં મોટો વધારો શક્ય છે અને વિકાસ કાર્યો માટે નાણાકીય સંસાધનોમાં નોંધપાત્ર મજબૂતી આવી શકે છે. હાલની સ્થિતિમાં બાકી વસૂલાતનો વધતો આંકડો સરકારની નાણાકીય શિસ્ત સામે ગંભીર પ્રશ્નો ઉભા કરે છે.

## સૌરાષ્ટ્ર-કચ્છ ઝોનમાં વાયબ્રન્ટ ગુજરાત-2025 અંતર્ગત 1527.56 કરોડના એમઓયુ

ગાંધીનગર : વાયબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ-2025 (સૌરાષ્ટ્ર-કચ્છ ઝોન) અંતર્ગત પ્રવાસન વિભાગ દ્વારા કુલ રૂ. 1527.56 કરોડના રોકાણ માટે એમઓયુ કરવામાં આવ્યા છે, તેવું વિધાનસભામાં પ્રશ્નના લેખિત જવાબામાં નાયબ મુખ્યમંત્રી દ્વારા જણાવ્યું હતું. ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ માટે પણ રૂ. 1527.56 કરોડના રોકાણના એમઓયુ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત, સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ માટે કુલ 4 (ચાર) એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. આ રોકાણોથી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તારમાં પ્રવાસન ક્ષેત્રે વિકાસને વધુ વેગ મળશે અને રોજગારની નવી તકો ઊભી થવાની અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે.

## અમદાવાદ-ગાંધીનગરમાં 32 હોટલને દારૂ વેચાણ પરવાનો

ગાંધીનગર: અમદાવાદ અને ગાંધીનગર જિલ્લાઓમાં કુલ 32 (બત્રીસ) હોટલોને દારૂ વેચવાના પરવાના આપવામાં આવ્યા હોવાનું વિધાનસભામાં પ્રશ્નના લેખિત જવાબમાં નાયબ મુખ્યમંત્રી દ્વારા જણાવ્યું હતુ. વધુમાં, 25 જાન્યુઆરી 2026ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન આ પરવાના ધારક હોટલોમાં થયેલા દારૂના વેચાણમાંથી રાજ્ય સરકારને કુલ રૂ. 1,16,39,62,900ની આવક પ્રાપ્ત થઈ છે.

## કોમનવેલ્થ યજમાનીથી ગુજરાત બનશે સ્પોર્ટસ કેપિટલ

**AI માટે** ૮૫૦ કરોડથી વધુની ફાળવણી : ઋષિકેશ પટેલ

ગાંધીનગર : ગુજરાત વિધાનસભામાં વર્ષ ૨૦૨૬-૨૭ના બજેટ પરની સામાન્ય ચર્ચાના પ્રથમ દિવસે ઊર્જા અને પંચાયત મંત્રી ઋષિકેશ પટેલે વ્યાપક જવાબ આપતાં રાજ્યના વિકાસ દ્રષ્ટિકોણને સ્પષ્ટ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે “વિકસિત ભારત-૨૦૪૭”ના લક્ષ્યને સિદ્ધ કરવા માટે સમાજનો દરેક વર્ગ યોગદાન આપી રહ્યો છે અને રાજ્ય સરકાર યુવા શક્તિને કેન્દ્રસ્થાને રાખીને આગળ વધી રહી છે. યુવાશક્તિને કૌશલ્ય આધારિત રોજગાર સાથે જોડવા ‘નમો ગુજરાત કૌશલ્ય અને રોજગાર મિશન’ માટે રૂ. ૨૨૬ કરોડનું પ્રાવધાન કરાયું છે. ટેકનિકલ શિક્ષણ ક્ષેત્રે બેઠકોના પુનર્ગઠનથી એન્જિનિયરિંગ ડિગ્રીમાં પ્રવેશ દર ૨૦૨૨ના ૫૦.૫૪ ટકાથી વધીને ૨૦૨૫માં ૯૧.૧૮ ટકા થયો છે, જ્યારે ડિપ્લોમાં એન્જિનિયરિંગમાં ૬૯.૨૮ ટકાથી વધીને ૮૭.૬૦ ટકા થયો છે. આગામી વર્ષે ૨૫૦૦ નવી બેઠકો ઉમેરવાની યોજના છે.IIT મોડલ આધારીત અમદાવાદમાં રિસર્ચ પાર્ક સ્થાપવાનું શરૂ થયું છે, જ્યારે એલ.ડી. અને વિશ્વકર્મા એન્જિનિયરિંગ કોલેજ ખાતે ૧૦૦૦ વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલ સુવિધા ઉભી થશે.

ઋષિકેશ પટેલે કહયું હતું કે છેલ્લા પાંચ વર્ષથી ગુજરાત સ્ટાર્ટઅપ ક્ષેત્રે દેશભરમાં પ્રથમ ક્રમે છે. AI અને ડિજિટલ ગવર્નન્સ માટે રૂ. ૮૫૦ કરોડથી વધુની ફાળવણી સાથે ડેટા ફ્યુઝન સેન્ટર અને સેન્ટર ઓફ એક્સલન્સની જાહેરાત કરાઈ છે. i-Hub અને તેના પ્રાદેશિક કેન્દ્રો માટે રૂ. ૮૦ કરોડ ફાળવાયા છે. આંતરરાષ્ટ્રીય AI સમિટમાં કોંગ્રેસના કાર્યકરો દ્વારા કરાયેલા વિરોધને મંત્રીએ દેશ માટે શરમજનક ગણાવી કહ્યું કે વિદેશી મંચ પર દેશની પ્રતિષ્ઠાને ઠેસ પહોંચાડવી યોગ્ય નથી.

### આરોગ્ય અને પોષણ

પી.એમ. પોષણ યોજના હેઠળ ૭૪ તાલુકાઓમાં સેન્ટ્રલાઇઝડ કિચન માટે રૂ. ૫૫૨ કરોડ ફાળવાયા છે. છ સરકારી સિવિલ હોસ્પિટલોમાં ક્લોઝ સિસ્ટમ ICU શરૂ કરવા રૂ. ૬૦ કરોડની જોગવાઈ કરાઈ છે, જેનાથી સારવારની ગુણવત્તા સુધરશે અને મૃત્યુદર ઘટાડવામાં મદદ મળશે.

### રમતગમત અને કોમનવેલ્થ

કોમનવેલ્થ ગેમ્સની યજમાનીથી ગુજરાતને ભારતની રમતગમતની રાજધાની તરીકે વિકસાવવાની પ્રક્રિયા ઝડપશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી.

## રાજ્યમાં ૨૦૨૫માં ૨૧,૫૮૮ કિલોથી વધુ ગૌમાંસ ઝડપાયું

ગાંધીનગર : ગુજરાત વિધાનસભામાં કોંગ્રેસ પક્ષના ધારાસભ્યો દ્વારા રાજ્ય સરકારે જિલ્લામાંથી પકડાયેલ ગૌમાંસ અને ગોવંશ અંગે વિગતવાર આંકડાકીય માહિતી માંગી હતી. જેના જવાબમાં સરકારે આપેલા આંકડા મુજબ વર્ષ ૨૦૨૫ દરમિયાન રાજ્યમાં કુલ ૨૧,૫૮૮.૯૮ કિલો ગૌમાંસ જપ્ત કરવામાં આવ્યું હતું, જ્યારે વર્ષ ૨૦૨૪માં આ જ આંકડો ૨૨,૦૪૬.૮૪ કિલો રહ્યો હતો. એટલે કે ગૌમાંસ જપ્તીની માત્રામાં થોડી ઘટ જોવા મળી છે. સરકારે આપેલી મહિતી મુજબ જિલ્લાવાર આંકડાઓ પર નજર કરીએ તો વર્ષ ૨૦૨૫ દરમિયાન નવસારી જિલ્લામાં ૬૭.૭ કિલો, વલસાડમાં ૨૨૪.૨ કિલો, પંચમહાલમાં ૧૧૦૧ કિલો અને આણંદમાં ૬૦૦ કિલો ગૌમાંસ જપ્ત થયું હતું. સુરત શહેરમાં સૌથી વધુ ૧૩,૩૩૩.૨૮ કિલો અને સુરત ગ્રામ્ય વિસ્તારમાં ૩૨૪૬ કિલો જપ્તી નોંધાઈ હતી. ગીર-સોમનાથ જિલ્લામાં ૩૪૦ કિલો, રાજકોટ શહેરમાં ૩૨૦ કિલો, મહીસાગરમાં ૮૮૫ કિલો, તાપીમાં ૩૯૦ કિલો, અરવલ્લીમાં ૧૫૫૧ કિલો, દેવભૂમિ દ્વારકામાં ૨૦ કિલો, સુરેન્દ્રનગરમાં ૧૪૪ કિલો, ગાંધીનગરમાં ૫૦૨ કિલો, અમદાવાદ શહેરમાં ૧૧૯૫ કિલો અને અમદાવાદ ગ્રામ્યમાં ૨૫ કિલો ગૌમાંસ જપ્ત થયું હતું, જ્યારે ભાવનગર, પોરબંદર, અમરેલી, મહેસાણા, જુનાગઢ, સાબરકાંઠા, બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં વર્ષ ૨૦૨૫ દરમિયાન કોઈ જપ્તી નોંધાઈ નથી.

# પાકિસ્તાન અને તાલિબાન વચ્ચે પૂર્ણ કક્ષાનું યુદ્ધ થવાની કોઈ સંભાવના નથી

યુદ્ધ પોઇન્ટ — સમકિત શાહ

પાકિસ્તાન અને તાલિબાન કોઈ સમયે જીગરી દોસ્ત હતાં. અફઘાનિસ્તાનમાં જ્યારે અમેરિકાતરફી સરકાર હતી ત્યારે અમેરિકા તાલિબાન સાથે કોઈ મંત્રણા કરવા માંગતું હોય તો તેણે પાકિસ્તાની જાસૂસી સંસ્થા આઈએસઆઈની મદદ લેવી પડતી હતી. અફઘાનિસ્તાનમાં તાલિબાને જ્યારથી સત્તાનાં સૂત્રો સંભાળી લીધાં છે, ત્યારથી તાલિબાન પાકિસ્તાનનું દુશ્મન બની ગયું છે. પાકિસ્તાનમાં થયેલા અનેક આતંકવાદી હુમલાઓમાં તાલિબાનનો હાથ હોવાની પાકિસ્તાનને શંકા છે. આ કારણે જ પાકિસ્તાન અને અફઘાનિસ્તાન લડી રહ્યાં છે. અફઘાનિસ્તાનમાં તાલિબાનની વચગાળાની સરકારના સંરક્ષણ મંત્રાલયે દેશના પૂર્વીય પ્રાંતોમાં પાકિસ્તાની હવાઈ હુમલાઓની સખત નિંદા કરી છે અને ચેતવણી આપી છે કે આ હુમલાઓનો યોગ્ય સમયે બળપૂર્વક જવાબ આપવામાં આવશે. પાકિસ્તાનનાં લશ્કરી સૂત્રોનો દાવો છે કે પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા હવાઈ હુમલામાં ત્રણ પ્રાંતો નંગરહાર, પક્તિકા અને ખોસ્તમાં સ્થિત TTP (તહેરીક-એ-તાલિબાન પાકિસ્તાન) અને અન્ય ઉગ્રવાદી સંગઠનોનાં સાત કેન્દ્રોનો નાશ કરવામાં આવ્યો હતો. આ હુમલાઓમાં ૮૦ થી વધુ ઉગ્રવાદીઓ માર્યા ગયા છે. તાલિબાનનો દાવો છે કે આ હુમલાઓમાં મહિલાઓ અને બાળકો સહિત નિર્દોષ લોકો માર્યા ગયાં છે.

ઓગસ્ટ ૨૦૨૧ માં અફઘાન તાલિબાને સત્તા કબજે કરી ત્યારથી પાકિસ્તાને કાબુલ અને અન્ય વિસ્તારોમાં અનેક હવાઈ હુમલાઓ કર્યા છે, જેના કારણે સરહદી અથડામણો થઈ છે. પાકિસ્તાન સરકાર સતત આરોપ લગાવતી રહી છે કે પ્રતિબંધિત ટીટીપીને અફઘાનિસ્તાનમાં તાલિબાન સરકારનું સમર્થન છે. તાલિબાન તેને પાકિસ્તાનનો આંતરિક મુદ્દો ગણાવે છે અને પાકિસ્તાનને તેની સુરક્ષા સુધારવાની સલાહ આપે છે. ગયા વર્ષે બંને દેશો વચ્ચે સરહદી અથડામણો અને ત્યાર બાદ કતાર અને તુર્કીની મધ્યસ્થી દ્વારા યુદ્ધવિરામને કારણે સંબંધોમાં તણાવ પેદા થયો છે. પાકિસ્તાનના હવાઈ હુમલા પછી પ્રશ્ન એ છે કે આગળ શું થશે?

અફઘાન બાબતો પર નજર રાખનારા વિશ્લેષક અને વરિષ્ઠ પત્રકાર ઇફ્તિખાર ફિરદૌસના મતે પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે પરંપરાગત યુદ્ધની હાલમાં કોઈ શક્યતા નથી. આ એક વિચિત્ર, નિરાશાજનક અને પુનરાવર્તિત ચક્ર છે જ્યાં પાકિસ્તાન હુમલો કરે છે, અફઘાન તાલિબાન બદલો લે છે, સરહદ પર તણાવ ફાટી નીકળે છે અને રાજદ્વારી વાટાઘાટો શરૂ થાય છે. તાલિબાન માટે પાકિસ્તાન સાથે પરંપરાગત યુદ્ધ લડવું શક્ય નથી, કારણ કે તેને લશ્કરી ક્ષમતાઓ, હવાઈ સંસાધનો, સપ્લાય ચેઇન અને પ્રશિક્ષિત સૈનિકોની જરૂર છે. અફઘાનિસ્તાનની આર્થિક



પરિસ્થિતિ અને હાલનાં લશ્કરી સંસાધનોને જોતાં, એવી શક્યતા છે કે તેનો સંભવિત બદલો ફક્ત વિક્ષેપકારક પ્રવૃત્તિઓ જ હશે. તાલિબાન નજીકના ભવિષ્યમાં ચોક્કસપણે જવાબ આપશે, કારણ કે તે તેમના સન્માનનો પ્રશ્ન છે, પરંતુ સંપૂર્ણ યુદ્ધની કોઈ શક્યતા નથી.

ઇસ્લામાબાદની કાયદ-એ-આઝમ યુનિવર્સિટીમાં ગુપ્તચર અને સુરક્ષા અભ્યાસના સહયોગી પ્રોફેસર ડો. ખુર્રમ ઇકબાલે જણાવ્યું હતું કે પાકિસ્તાને અફઘાન તાલિબાનને ટીટીપી સામે નિર્ણાયક પગલાં લેવા માટે મનાવવા માટે તમામ શાંતિપૂર્ણ માધ્યમોનો ઉપયોગ કરી દીધો છે. તેમણે કહ્યું કે અફઘાનિસ્તાનમાં TTPનાં સુરક્ષિત આશ્રયસ્થાનો અંગે પાકિસ્તાનની ચિંતાઓને સંયુક્ત રાષ્ટ્ર સહિત અનેક આંતરરાષ્ટ્રીય સંસ્થાઓએ સ્વીકારી છે. એક વાર નહીં, પરંતુ ૨૦૨૩ થી શરૂ થયેલા સતત ત્રણ યુએન હેવાલે પુષ્ટિ આપી છે કે ટીટીપીના અફઘાનિસ્તાનમાં સુરક્ષિત આશ્રયસ્થાનો છે. આ બધાં શાંતિપૂર્ણ માધ્યમોનો ઉપયોગ કર્યા પછી, પાકિસ્તાનને બળનો ઉપયોગ કરવાની ફરજ પડી હતી. અનેક આંતરરાષ્ટ્રીય સર્વેક્ષણો અનુસાર, દસમાંથી આઠ અફઘાન પરિવારોને ટકી રહેવા માટે તેમના ઘરનો સામાન વેચવાની ફરજ પાડવામાં આવે છે.

ઇફ્તિખાર ફિરદૌસના મતે પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચેની પરિસ્થિતિમાં કંઈ નવું નથી, પરંતુ તાલિબાન પાસે TTP જેવાં સંસાધનો છે અને તેઓ પાકિસ્તાનમાં નાગરિક વિસ્તારોને નિશાન બનાવવા માટે આવાં સંસાધનોનો સંપૂર્ણ ઉપયોગ કરી શકે છે. અફઘાન તાલિબાન પાસે પરંપરાગત યુદ્ધમાં પાકિસ્તાનનો સામનો કરવાની ક્ષમતાનો અભાવ છે, તેથી તેઓ ભૂતકાળની જેમ અપરંપરાગત યુક્તિઓનો આશરો લેશે. પાકિસ્તાનનાં મુખ્ય શહેરોમાં ઉગ્રવાદી હુમલાઓની સંખ્યા વધી શકે છે અને દેશના શહેરી વિસ્તારોમાં હિંસા વધી શકે છે. તાલિબાનને પાકિસ્તાન સાથે સંપૂર્ણ પાયે અથવા પરંપરાગત યુદ્ધ પરવડી શકે તેમ નથી કારણ કે તેઓ ગંભીર આર્થિક સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. આગામી દિવસોમાં પાકિસ્તાન-અફઘાનિસ્તાન સરહદ પર કેટલાક નકલી હુમલાઓ થઈ શકે છે. તેઓ તોપખાનાનો ઉપયોગ કરી શકે છે.

અફઘાનિસ્તાનમાં તાલિબાન સરકારી દળો પાસે જે શસ્ત્રો છે તે મોટા ભાગે ત્રણ પ્રકારનાં હોય છેઃ ભૂતપૂર્વ અફઘાન સૈન્યનાં શસ્ત્રો અને સાધનો, અમેરિકા સહિત વિદેશી દળોને પાછાં ખેંચી લીધા પછી અફઘાનિસ્તાનમાં રહી ગયેલાં શસ્ત્રો અને કાળા બજારમાંથી તાલિબાને મેળવેલાં નવાં શસ્ત્રો, વગેરે. અફઘાન તાલિબાન અને પાકિસ્તાની સેના વચ્ચેની અગાઉની સરહદી અથડામણોના કથિત વીડિયો દર્શાવે છે કે તાલિબાન લડવૈયાઓએ પાકિસ્તાન સામે મોટા ભાગે હળવાં શસ્ત્રોનો ઉપયોગ કર્યો છે, જેમાં ભારે અને લાંબા અંતરનાં શસ્ત્રોના બહુ ઓછાં નિશાન છે.

યુએસ સ્પેશ્યલ ઇન્સ્પેક્ટર જનરલ ફોર રિકન્સ્ટ્રક્શન અને દેશના સંરક્ષણ મંત્રાલયના અહેવાલો અનુસાર, અફઘાનિસ્તાનમાં વીસ વર્ષોમાં પાછલી સરકારને ૧૬ લાખથી વધુ હળવાં અને ભારે શસ્ત્રો અને વિવિધ લશ્કરી સાધનો પૂરાં પાડવામાં આવ્યાં હતાં. આમાંથી લગભગ ૭૦ ટકા શસ્ત્રો અથવા દસ લાખથી વધુ, અફઘાનિસ્તાનમાં તાલિબાનના હાથમાં ગયાં. હાલમાં તાલિબાન સરકારની સેનાના હાથમાં રહેલાં હળવાં શસ્ત્રોમાં મોટા ભાગે કલાશ્નિકોવ, અમેરિકન M-૧૬, M-૪ અને M-૨૯ લાઇટ મશીનગનનો સમાવેશ થાય છે. આમાં પીકા એમ-૨ અને એમ-૨૪૦ જેવી ભારે મશીનગન, ગ્રેનેડ લોન્ચર, આરપીજી-૭ અને એટી-૪ જેવા રોકેટ લોન્ચર અને એન્ટી-ટેન્ક મિસાઇલોનો સમાવેશ થાય છે. અફઘાનિસ્તાનમાંથી પાછા ખેંચાયા પછી પેન્ટાગોન દ્વારા જાહેર કરાયેલા અહેવાલો અનુસાર, અમેરિકાએ અગાઉના અફઘાન સરકારી દળોને જે ભારે સશસ્ત્ર વાહનો, જહાજો અને અન્ય ભારે લશ્કરી સાધનો પૂરાં પાડ્યાં હતાં તે પણ તાલિબાનના હાથમાં આવી ગયાં હતાં. આ ભારે શસ્ત્રોમાં D-30 નામની ૧૨૨mm હોવિત્ઝરનો સમાવેશ થાય છે. આમાંથી ૧૦૦ થી ૧૨૦ તોપો હજુ પણ અફઘાનિસ્તાનમાં સેવામાં છે. આ ઉપરાંત, તાલિબાન પાસે ૧૫૫ મીમી હોવિત્ઝર મોર્ટાર અને ZT-૨૩-૨ જેવાં ઘણાં રશિયન શસ્ત્રો પણ છે.

અફઘાનિસ્તાનમાં વચગાળાની સરકાર પર પાકિસ્તાનના ફાયદાનું એક પાસું તેની વાયુસેના અને આધુનિક ફાઇટર જેટ છે, જ્યારે તાલિબાન સરકાર પાસે તેનો સામનો કરવા માટે વાયુસેના નથી. તાલિબાનોને ગેરિલા યુદ્ધનો બહોળો અનુભવ છે, જે તેઓ લગભગ બે દાયકા સુધી અમેરિકા, નાટો અને ભૂતપૂર્વ અફઘાન સરકારી દળો સામે લડ્યા છે અને નિષ્ણાતો કહે છે કે આ અનુભવ આજે પણ તેમની લશ્કરી વ્યૂહરચનાનો આધાર છે. ઓક્ટોબર ૨૦૨૫ માં પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે સરહદ પર થયેલી અથડામણો બાદ, અફઘાન સુરક્ષા નિષ્ણાત બિસ્મિલ્લાહ તાબાને જણાવ્યું હતું કે તાજેતરની અથડામણોના વીડિયો અને અન્ય પુરાવાઓ સૂચવે છે કે તાલિબાન હજુ પણ હળવાં હથિયારોથી સજ્જ ગેરિલા જૂથ તરીકે લડી રહ્યાં છે.

**- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.**

**અફઘાન બાબતો પર નજર રાખનારા વિશ્લેષક અને વરિષ્ઠ પત્રકાર ઇફ્તિખાર ફિરદૌસના મતે પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે પરંપરાગત યુદ્ધની હાલમાં કોઈ શક્યતા નથી**

# BUSINESS મિત્ર

### બ્રોડર માર્કેટમાં સુધારો છતાં માર્કેટ બ્રેડથ નકારાત્મક રહ્યો

# શેરબજારમાં ગેપ-અપ ઓપનીંગ બાદ મોટા ભાગનો ઉછાળો ભૂંસાયો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 25:** ભારતીય આઈટી શેરોમાં ધીમો સુધારો જોવાયો હતો. આમ, ભારે કડાકા બાદ આજે આઈટી શેરોમાં બે ટકાનો સુધારો જોવાયો હતો. આજે ભારતીય શેરબજારમાં ગેપઅપ ઓપનીંગ જોવા મળ્યું હતું, પણ દિવસના અંત સુધીમાં મોટા ભાગનો હિસ્સો ભૂંસાઇ ગયો હતો. આજે દિવસ દરમ્યાન વેચવાલી હાવી રહી હતી. જોકે, આજે આઈટી, મટેલ અને ઓટો શેરોમાં ખરીદી જોવા મળી હતી.

વૈશ્વિક સંકેતો પોઝિટિવ રહ્યા હોવાથી ટ્રેક કરીને નફાને ટેકો મળ્યો હતો, જેનાથી બજારાં સુધારો ર્હયો હતો, પણ આ આગળ જતા ધીમો પડ્યો હતો. જ્યારે પીએસયુ બેન્ક, એફએમસીજી અને રિયલ્ટી શેરોમાં વેચવાલી રહેતા દબાણમાં જોવાયો હતો.

બીએસઇ સેન્સેક્સ 50.15 ગણા એટલ કે 0.06 ટકા વધીને 82276.07 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 82957 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે 82132 પોઈન્ટના સ્તર સુધી ઘટ્યો હતો. નિફ્ટી 57.85 પોઈન્ટ એટલે કે 0.23 ટકા વધીને 25482.50 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 25652 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 25428 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 3.95 પોઈન્ટ એટલે કે 0.01 ટકા ઘટીને 61043.35 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે પ્રીમીયર એનર્જી 10.35 ગણા, ટાટા કોમ્યુનીકેશન 9.85 ગણા, ઉષા માર્ટીન 9.75 ગણા, સ્કેફલર ઈન્ડિયા 9.73 ગણા અને વારી એનર્જી 8.12 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે કોનકોર્ડ બાયોટેક 70.24 ગણા, ઉષા માર્ટીન 21.22 ગણા, સ્કેફલર ઈન્ડિયા 14.32 ગણા, વારી એનર્જી 12.41 ગણા અને સ્ટાર હેલેથકેર 24.84 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં ઝડપી સુધારો જોવાયો હતો. બીએસઇ મિડકેપ ઈન્ડેક્સ 0.67 ટકા વધ્યો હતો. જ્યારે સ્મલકેપ ઈન્ડેક્સ 0.48 ટકા સુધર્યો હતો. જેના લીધે માર્કેટ બ્રેડથ મિશ્ર રહ્યા હતા. બીએસઇ ખાતે 2065 શેરો વધ્યા હતા, જ્યારે 2132 શેરો ઘટયા હતા અને 183 શેરો યથાવત રહ્યા હતા.

નિફ્ટી મેટલ ઈન્ડેક્સ 2.70 ટકા વધ્યા હતા.. જેમાં લોઈટસ મેટલ્સ, નેલ્કો, વેદાંતા, હિન્દુસ્તાન કોપર, હિન્દુસ્તાન ઝીંક, સેઈલ, ટાટા સ્ટીલ, જિન્દાલ સ્ટીલ, વેલસ્પન કોર્પ અને અદાણી એન્ટર વધ્યા હતા.

### ડોલર સપાટ રહ્યો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 25:** કરન્સી બજારમાં આજે ડોલર અને રૂપિયામાં સામસામી રાહ સાથે સપાટ બંધ રહ્યા હતા. આજે ડોલરની સામ રૂપિયામાં બેઉતરફી વધઘટે સપાટ રહ્યો હતો, અંતે રૂપિયો એક પૈસા સુધરીને બંધ રહ્યો હતો. આજે ડોલરની સામે રૂપિયો 90.95ના સ્તરે બંધ રહ્યો હતો. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 90.96ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 107, પાઉન્ડ 122.90, કેનેડિયન ડોલર 66.38, ઓસ્ટ્રેલિયન ડોલર 64.57, જાપાનીઝ યેન 0.5801 અને સીંગાપોર ડોલર 71.61ના સ્તરે બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 90.95 રૂ. |
| યુરો | 107.00 રૂ. |
| પાઉન્ડ | 122.90 રૂ. |
| યેન | 0.5801 રૂ. |

વૈશ્વિક સ્તરે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના સાર્વત્રિક 10 ટકા ટેરિફ ધમકીના ઉંચા 15 ટકા દરને બદલે અમલમાં આવ્યા પછી વૈશ્વિક બજારની ચિંતા હળવી થતાં યુરોપિયન બજારો સુધારા તરફી ચાલ દર્શાવતા હતા. પંસદગીના ઉદ્યોગોમાં એઆઈની આગેવાની હેઠળના વિક્ષેપની ચિંતાઓને હળવી કરવા માટે વોલસ્ટ્રીટ પર ટેક આધારિત રેલી પછી દક્ષિણ કોરિયા અને જાપાનના બજારો ઉંચા સ્તરે બંધ રહ્યા હતા. અદ્યતન માઈક્રો ડિવાઈસીસ અને સોફટવેર શેરમાં ફાયદાને કારણે યુએસ ઈક્વિટીમાં વધારો થયો હતો, કારણ કે કેટલાક ઉદ્યોગોમાં કુત્રિમ બુદ્ધિના વિપક્ષેપની આસપાસના રોકાણકારોનો ભય ઓછો થયો હતો. અદ્યતન માઈક્રો ડિવાઈસીસ અને સોફટવેર શેરોમાં ફાયાદને કારણે યુએસ ઈક્વિટીમાં વધારો થયો હતો, કાર ણ કે કેટલાક ઉદ્યોગોમાં કુત્રિમ બુદ્ધિના વિપેક્ષની આસપાસના રોકાણકારોનો ભય ઓછો થયો હતો.

યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.89 ટકા, કેક 0.21 ટકા અને ડેક્સ 0.52 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 2.31 ટકા, હેંગસેંગ 0.52 ટકા, તાઈવાન 2.01 ટકા, કોસ્પી 1.88 ટકા, જકાર્તા 0.50 ટકા અને શાંઘાઈ 0.72 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. જ્યારે સ્ટ્રેઈટસ 0.26 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા.

| | | |
|---|---|---|
| **સેન્સેક્સ** | 50.15 | 82276.07 |
| **નિફ્ટી** | 57.85 | 25482.50 |
| **બેન્ક નિફ્ટી** | -3.95 | 61043.35 |

**નિફ્ટી**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એચસીએલ ટેક્નો | 2.91 | 1378.20 |
| બજાજ ઓટો | 2.73 | 10097.00 |
| ટાટા સ્ટીલ | 2.63 | 214.64 |
| શ્રીરામ ફાઇનાન્સ | 2.28 | 1085.90 |
| અદાણી એન્ટરપ્રાઇઝ | 2.23 | 2231.70 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| રિલાયન્સ ઇન્ડ. | 2.12 | 1398.50 |
| એસબીઆઇ | 1.90 | 1200.10 |
| અદાણી પોર્ટસ | 1.72 | 1528.70 |
| ઇટર્નલ | 1.50 | 250.20 |
| ભારતી એરટેલ | 1.42 | 1913.40 |

**સેન્સેક્સ**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એચસીએલ ટેક્નો | 2.80 | 1376.85 |
| ટાટા સ્ટીલ | 2.63 | 214.65 |
| ટીસીએસ | 2.14 | 2629.50 |
| ઇન્ટરગ્લોબ એવીએશન | 1.95 | 4945.00 |
| સન ફાર્મા | 1.84 | 1762.45 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| રિલાયન્સ ઇન્ડ. | 223 | 1398.20 |
| એસબીઆઇ | 1.93 | 1200.20 |
| અદાણી પોર્ટસ | 1.72 | 1528.45 |
| ઇટર્નલ | 1.46 | 250.25 |
| ભારતી એરટેલ | 1.39 | 1913.65 |

### યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂ.** | ૭૫/૩૬ '' | ૧૧૧ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૩૩ | ૫૦/૩૬ '' | ૧૨૦ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૨૯ |
| ૩૦/૩૬ એફડી | ૨૩૮ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૧૮૫ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૧૪.૫૦ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૨૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૬૧ |
| ૬૮/૩૬ | ૧૧૯ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૨૨ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૧૮ | ૧૦૦ ટેક્ષ | ૧૨૩ | ૬૮ ક્રિમ્પ | ૧૨૦ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૧૨ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૧૯ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૧૩ | ૮૦/૭૨ રોટો | ૧૨૦ | ૭૫ ક્રિમ્પ | ૧૧૬ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૫૮ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૨૯ | ૮૦ ક્રિમ્પ | ૧૧૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૧૭.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૨૯ | ૮૦/૭૨ રોટો | ૧૧૮ |
| ૮૦/૩૬ રોટો. | ૧૧૬ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૧૨ | ૮૦/૧૦૮ '' | ૧૨૪ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૧૬ |

### તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૭૮૦ | કોપરેલ | ૬૩૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૫૮૦ | વનસ્પતિ ઘી | ૨૩૨૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૩૦ | સનફ્લાવર | ૨૩૫૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૩૯૦ | તલતેલ | ૪૯૫૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૧૫૦ | દિવેલ | ૨૪૯૦ |
| કપાસીયા (૫ લિ.) | ૭૮૦ | મકાઇ તેલ | ૨૩૫૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |

### જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂ.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-૩૦ | ૪૩૫૦ |
| એસ-૩૦ | ૪૩૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૩૦૦ |
| એસ-૩૦ | ૪૨૫૦ |

### સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૬૪૮૫૦ |
| તેજાબી સોનું | ૧૬૪૭૬૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૫૬૬૧૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૬૧૫૫૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૬૪૮૫૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૭૫૮૦૦ |
| ચાંદી સિક્કા | ૨૭૭૩૦૦ |

# ફેબ્રુઆરીમાં ઓટો રજિસ્ટ્રેશનના આંકડા ટોપ ગિયરમાં રહેતા ઓટો શેરોએ મજબૂત ગતિ પકડી

**ફેબ્રુઆરીમાં** અત્યાર સુધીમાં 20 લાખ વાહનોની નોંધણી થઇ, વાર્ષિક ધોરણે 21 ટકા ઉછાળો નોંધાયો

નવી દિલ્હી, તા. 25: ફેબ્રુઆરી મહિનામાં આજના દિવસ સુધી જોઈએ તો 25 ફેબ્રુઆરી સુધીના ઓટો રજિસ્ટ્રેશનના આંકડા પર નજર કરીએ તો આ સમયગાળા દરમિયાન 20 લાખ વાહનોનું રજિસ્ટ્રેશન થયું છે. આ આંકડો વાર્ષિક ધોરણે 21 ટકાથી વધુનો વધારો થયો છે

1 માર્ચે આવતા ઓટો વેચાણના આંકડા પહેલા ઓટો શેરો ગતિમાં હતા. નિફ્ટી ઓટો ઈન્ડેક્સ લગભગ 2 ટકા વધીને બંધ રહ્યો હતો. ટુ-વ્હીલર્સમાં સૌથી વધુ સ્પીડ હતી. હીરો મોટો ફ્યુચરનો ટોપ ગેઈનર બની ગયો છે. ફેબ્રુઆરીમાં સારા વેચાણની અપેક્ષા પર ઓટો શેરોએ વેગ પકડ્યો છે. હીરો મોટો 4 ટકાના વધારા સાથે ટોપ ફ્યુચર ગેઈનર્સમાં સામેલ હતો. આ ઉપરાંત બજાજ ઓટો, ટીવીએસ મોટર અને યુનો મિન્ડામાં પણ 2 ટકાથી વધુનો ઉછાળો જોવા મળ્યો છે.

વાસ્તવમાં, ફેબ્રુઆરીમાં ઓટો રજિસ્ટ્રેશનની મજબૂત માંગના સંકેતો મળી રહ્યા છે. ઓટો વેચાણની દ્રષ્ટિએ ફેબ્રુઆરી મહિનો 2022 પછી શ્રેષ્ઠ મહિનો હોઈ શકે છે. મોટાભાગની કંપનીઓના નોંધણીના આંકડા ગયા વર્ષ કરતા વધુ સારા રહ્યા છે. નોંધણી ડેટા બતાવે છે કે તમામ સેગમેન્ટમાં 20 ટકા કે તેથી વધુની માંગ વૃદ્ધિ શક્ય છે.

1 ફેબ્રુઆરીથી 25 ફેબ્રુઆરી સુધીના ઓટો રજિસ્ટ્રેશનના ડેટા પર નજર કરીએ તો આ સમયગાળા દરમિયાન 20 લાખ વાહનોની નોંધણી કરવામાં આવી છે. આ આંકડો વાર્ષિક ધોરણે 21 ટકાથી વધુનો વધારો થયો છે. વિવિધ સેગમેન્ટની વાત કરીએ તો, આ સમયગાળા દરમિયાન 14.21 લાખ ટુ વ્હીલર્સની નોંધણી કરવામાં આવી છે. તેમાં વાર્ષિક ધોરણે 22 ટકાનો વધારો થયો છે. તે જ સમયે, પેસેન્જર વાહનની નોંધણી વાર્ષિક ધોરણે 20 ટકા વધીને 3.90 લાખ થઈ છે, કોમર્શિયલ વાહનની નોંધણી વાર્ષિક ધોરણે 23 ટકા વધીને 7.6 મિલિયન થઈ છે અને 3-વ્હીલર રજિસ્ટ્રેશન વાર્ષિક ધોરણે 19 ટકા વધીને 95400 થઈ છે.

બજાજ ઓટો અને હીરો મોટો ગયા વર્ષે ફેબ્રુઆરીના આંકડા કરતા માત્ર ૩ ટકા નીચે છે. બજાજ ઓટોના નિકાસ સેગમેન્ટમાં મજબૂતી જોવા મળી છે. બજાજ ઓટો એપ્રિલથી 2.5 લાખ યુનિટ્સની નિકાસ કરવાનું લક્ષ્ય ધરાવે છે. ટીવીએસ અને રોયલ એનફિલ્ડની નોંધણી સંખ્યા ગયા વર્ષ કરતા વધારે છે. એથેર ઓલાને પાછળ છોડી રહ્યો છે. એથરની સંખ્યા ગયા વર્ષે ફેબ્રુઆરીની તુલનામાં 40 ટકા વધારે છે. ઓલાનું રજિસ્ટ્રેશન ઘટે તેવી શક્યતા છે.

# અમેરિકા સોલાર એનર્જી સેક્ટરમાં 126 ટકા ટેરિફ વસૂલતા આઈટી શેરોમાં કડાકો બોલાયો

**ટ્રમ્પના** નિર્ણયથી ભારતીય સોલાર ઉત્પાદકો માટે યુએસ માર્કેટ મુશ્કેલ બની જશે

નવી દિલ્હી, તા. 25ઃ અમેરિકાએ ભારતથી આવતી સોલાર આયાત પર 126 ટકા સુધીના પ્રારંભિક ટેરિફનો પ્રસ્તાવ મૂક્યો છે. ઈન્ડોનેશિયા અને લાઓસ પર પણ ભારે ટેરિફ લાદવામાં આવ્યા છે, જેના કારણે ભારતીય સોલાર ઉત્પાદકો માટે યુએસ માર્કેટ મુશ્કેલ બની શકે છે.

યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ કોમર્સ એ ભારતથી આયાત કરવામાં આવતા સોલાર મોડ્યુલ્સ પર શરૂઆતમાં 126 ટકા સુધીના ભારે ટેરિફ લાદવાનો પ્રસ્તાવ મુક્યો છે. ડિપાર્ટમેન્ટનું કહેવું છે કે તપાસમાં જાણવા મળ્યું છે કે ભારતે સોલાર મેન્યુફેક્ચરિંગને સબસીડી સપોર્ટ પ્રદાન કર્યું હતું, જેના કારણે નિકાસકારોને અમેરિકન સ્થાનિક ઉત્પાદકો કરતા સસ્તા ભાવે ઉત્પાદનો વેચવાનો ફાયદો મળ્યો હતો.

આ જ તપાસ હેઠળ, ઈન્ડોનેશિયા પર 86 ટકાથી 143 ટકા અને લાઓસ પર લગભગ 81 ટકા સુધીના પ્રારંભિક ટેરિફ પણ નક્કી કરવામાં આવ્યા છે. આનાથી સોલર પ્રોજેક્ટ ડેવલપર્સ અને ગ્રાહકો બંને માટે ભાવમાં વધારો થઇ શકે છે.

આ સૂચિત ટેરિફ ટ્રમ્પ વહીવટીતંત્રના વ્યાપક વૈશ્વિક ટેરિફથી અલગ છે, જેને તાજેતરમાં યુએસ સુપ્રીમ કોર્ટ દ્વારા ફગાવી દેવામાં આવ્યા હતા. આ પછી, વહીવટીતંત્રે 10 ટકાના નવા ટેરિફ લાગુ કર્યા છે, જે 15 ટકા સુધી વધારવાની ચેતવણી પણ આપવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, આ મહિનાની શરૂઆતમાં અમેરિકા અને ભારતે વેપાર તણાવને હળવો કરવાના હેતુથી દ્વિપક્ષીય વેપાર કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.